Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

July 2026 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ ● અંક ૨૯૦ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૭/૨૦૨૬ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### વર્ષા ઋતુ - માનવજીવન માટે આશીર્વાદ સાથે પડકાર ?

માનવજીવન અને પ્રકૃતિનો સંબંધ સદીઓ જૂનો છે, અને આ સંબંધનો સૌથી સુંદર મધ્યસ્થી એટલે 'વર્ષા ઋતુ'. ઉનાળાના અસહ્ય તાપ અને બફારા પછી જ્યારે આકાશમાંથી અમૃત સમાન વરસાદની ધારાઓ વરસે છે, ત્યારે માત્ર ધરતી જ નહીં, પણ સમગ્ર માનવ સમાજ અને જીવસૃષ્ટિ રોમાંચિત થઈ ઊઠે છે. વરસાદ એ માત્ર હવામાનનો એક ભાગ નથી, પણ ભારતીય સમાજની આર્થિક અને સામાજિક કરોડરજ્જુ છે. પરંતુ, સિક્કાની હંમેશા બે બાજુ હોય છે. વર્ષા ઋતુ સમાજ માટે જેટલી લાભદાયી છે, એટલી જ તે અમુક પરિસ્થિતિઓમાં ગેરલાભ કે મુશ્કેલીઓ પણ લઈને આવે છે.

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. સોના જેવો વરસાદ પડતાં જ ધરતીપુત્ર (ખેડૂત) હરખાઈ જાય છે. સારો વરસાદ એટલે સારો પાક, અને સારો પાક એટલે દેશની આર્થિક સમૃદ્ધિ ખેતી ખીલવાથી ગ્રામીણ સમાજમાં રોજગારી અને ખુશહાલી આવે છે. નદીઓ, નાળા કુવા અને ડેમો પાણીથી છલકાઈ જાય છે. આગામી આખા વર્ષ માટે પીવાના અને સિંચાઈના પાણીની ચિંતા દૂર થાય છે. ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવે છે, જે પર્યાવરણ માટે વરદાન સાબિત થાય છે.

ચોમાસામાં ધરતી લીલીછમ ચાદર ઓઢી લે છે. પશુ-પક્ષઓ માટે ચારો અને પાણી સહેલાઈથી મળી રહે છે. કાળઝાળ ગરમીથી પરેશાન લોકોને ઠંડક મળતાં માનસિક શાંતિ અને નવું જોમ મળે છે.

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ના ધ્વજવંદન

ગણતંત્ર દિવસ ૧૫મી ઓગસ્ટ ધ્વજવંદન : સવારે ૮.૦૦ કલાકે (ત્રણેય પાટીદાર વાડી મધ્યે)

### સરસ્વતી સન્માન ૨૦૨૬ ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે

સરસ્વતી સન્માન ૨૦૨૪ - સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૬.૩૦

ટ્રસ્ટ ફંડ દ્વારા દર વર્ષની જેમ ગણતંત્ર દિવસ નિમિતે ધ્વજવંદન અને સરસ્વતી સન્માન આયોજનમાં સર્વે સભ્યોને ધ્વજવંદન માટે હાર્દિક આમંત્રણ છે.

**નોંધ :** ૧) ઉપરોક્ત દરેક કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.
૨) સવારે અલ્પાહાર અને બપોરે અને રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

**લી. ચેરમેન : કાંતિલાલ નારણ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશ હરજી માવાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### નોટિસ

### વાર્ષિક સામાન્ય સભા

ટ્રસ્ટના સર્વે સભ્યોને સવિનય જણાવવાનું કે ટ્રસ્ટની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભા પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬. મધ્યે શનિવાર, તારીખ ૨૨-૦૮-૨૦૨૬ના બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં ટ્રસ્ટના સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી.

**અજેન્ડા :-**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મીનિટ્સનું વાંચન અને બહાલી.
૨) ટ્રસ્ટ ફંડ નાણાકીય વર્ષ તારીખ ૧-૪-૨૦૨૫ થી તારીખ ૩૧-૩-૨૦૨૬ સુધીના આવક જાવકના

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રીજીયનની આગામી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તારીખ ૦૯ ઓગસ્ટ ૨૦૨૬ રવિવારના સાંજે ૩.૦૦ કલાકે બોરીવલી પાટીદારવાડી મધ્યે રાખવામાં આવેલ છે, જેમાં શ્રી પાટીદાર યુવા મંડળ મુંબઈના સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**એજન્ડા :-**

૧) ગત મિટિંગની મિનિટ્સનું વાંચન અને બહાલી.
૨) વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૬ના હિસાબોની રજુઆત અને મંજૂરી.
૩) સંઘ (શ્રી અખિલ ભારતીય ક.ક.પા. યુવાસંઘ) અહેવાલ.
૪) સહયોગી મંડળના કાર્યોનો અહેવાલ.
૫) પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

શબ્દો મફત છે, પણ વાપર્યા પછી તેની કિંમત ચુકવવી પડે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી અધિક માસ એકદિવસીય પર્યટન યાત્રાનો અહેવાલ

અધિક માસના પાવન અવસરે શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી દ્વારા સમાજની બહેનો માટે એક દિવસીય પર્યટન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.,

સવારે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન ભગત, મંત્રી શ્રીમતી કુસુમબેન ભગત, ડોંબીવલી સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ સેંઘાણી, પૂર્વ પ્રમુખ (IPP) શ્રી કમલેશભાઈ લીંબાણી, સલાહકાર શ્રી જીવરાજભાઈ વાસાણી, શ્રીમતી કસ્તુરબેન ભગત, શ્રીમતી સાવિત્રીબેન વાસાણી તેમજ યુવક મંડળના પ્રમુખ શ્રી ધીરેનભાઈ સેંઘાણીના વરદ હસ્તે શ્રીફળ વધેરી યાત્રાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સમાજની ૭૯ બહેનો બે બસ દ્વારા રિવર વિલેજ રિસોર્ટ ખાતે પહોંચ્યા હતા. કુદરતના રમણીય સાનિધ્યમાં નદી કિનારે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનોં આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે નદી કિનારે કાંઠાગોર પૂજનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સમાજની બે પેઢીઓએ સાથે મળી ભક્તિ ભાવપૂર્વક પૂજન કર્યું. સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ તેમજ માતા-દીકરીએ સાથે મળી પૂજન કરી પરિવારિક એકતા, પ્રેમ, સ્નેહ અને સંસ્કારોનું સુંદર ઉદાહરણ પૂરૂં પાડ્યું.

આ કાર્યક્રમ દ્વારા સમાજની બહેનોને પરસ્પર મળવા, ધાર્મિક ભાવના વિકસાવવા અને સંબંધોને વધુ મજબૂત બનાવવાની ઉત્તમ તક મળી. ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત બહેનોએ રિસોર્ટના સુંદર વાતાવરણ, નદી કિનારાની કુદરતી સૌંદર્ય અને સ્વિમિંગ પૂલનો આનંદ પણ માણ્યો.

આ સમગ્ર યાત્રા ભક્તિ, આનંદ, એકતા અને સંસ્કારોના સુંદર સમન્વય સાથે સફળતાપૂર્વ સંપન્ન થઈ અને સર્વે બહેનો માટે એક યાદગાર અનુભવ બની રહી.

**લિ. પ્રમુખ : શ્રીમતી પ્રિતી જયેશ ભગત**

**મહામંત્રી : શ્રીમતી કુસુમ ઈશ્વર ભગત**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ-ઘાટકોપરની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપરની આગામી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૨૬, બુધવારના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે પાટીદારવાડી ઘાટકોપર ખાતે રાખેલ છે.

**એજન્ડા :-**

૧) ગત મીટીંગની મિનિટ્સનું વાંચન અને બહાલી.
૨) ગત વર્ષના હિસાબનું વાંચન અને બહાલી.
૩) સમાજની બહેનો દ્વારા સુજાવો અને મંતવ્યો.
૪) પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

આપ મહિલા મંડળના દરેક સભ્યોને વાર્ષિક સામાન્ય સભામાં સમયસર પધારવા વિનંતી.

**લી. પ્રમુખ : શ્રીમતી કુસુમ જય રામજીયાણી**

**મહામંત્રી : શ્રીમતી મનીષા રાજેશ વેલાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર સામાન્ય સભા ૨૦૨૫-૨૦૨૬

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન ૨૭-૦૬-૨૦૨૬ના ઘાટકોપર વાડી ખાતે યુવા મંડળની ઓફિસ ખાતે કરવામાં આવેલ હતું.

તા. ૨૭-૦૬-૨૦૨૬ની વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત મહામંત્રી હેનાલીબેન પારસીયાએ માં ઉમિયા અને લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવીને કરી.

મહામંત્રીએ મુંબઈ યુવા મંડળના પ્રમુખ વિનય છાભૈયા અને મહામંત્રી ભાવેશ પોકાર સાથે હાજર દરેક સભ્યોનું સ્વાગત કર્યો. મહામંત્રી હેનાલી પારસીયાએ ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાચન કરી હાજર સભ્યો સમક્ષ બહાલી મેળવી. ૨૦૨૫-૨૦૨૬નો હિસાબ ખજાનચી કાર્તિકભાઈ સેંઘાણીએ હાજર સભ્યો સમક્ષ રજૂ કર્યા બાદ સર્વાનુમતે બહાલી મેળવી. ઓમ અશોક ઘોળું એ મુક્ત મંતવ્ય આપતા કહ્યું કે આપડા સમાજના યુવાનો માટે ''સ્ટડી સર્કલ''ની શરૂઆત કરવી જોઈએ જેમાં દરેક ફિલ્ડના યુવા-યુવતી આવીને પોતાના અનુભવો આપે જેથી બીજા યુવાનોને પ્રેરણા મળે અને કોઈને પ્રશ્નો હોય તો અજાણી વ્યક્તિ પાસે જવા કરતા આપડા જાણીતા પાસે મદદ અથવા સુજાવા લઈ શકે.

મુંબઈ યુવા મંડળના પ્રમુખ વિનય છાભૈયાએ ઘાટકોપર યુવા મંડળની સર્વે કારોબારી સભ્યોને ફંડ વધાર્યું તે બદલ અભિનંદન આપ્યા બાદ, અખિલ ભારતીય યુવા સંઘ આયોજિત ઓલિમ્પિયડ જે જાન્યુઆરી ૮/૯/૧૦/૨૦૨૭ના બાલવાડી સ્ટેડીયમ પુણેમાં જવા થઈ રહ્યું છે તેની જાણ કરાવતા ઘાટકોપર યુવા મંડળના સાથ સહકાર જોઈશે તેવું જણાવ્યું.

ઘાટકોપર યુવા મંડળના પ્રમુખ શ્રી મયુર સેંઘાણીએ આવેલા મુક્ત મંતવ્યના સુજાવ પર જરૂરથી વિચાર કરશું તેની ખાતરી આપી. પ્રમુખ શ્રી મયુર સેંઘાણીએ મુંબઈ યુવા મંડળના પ્રમુખ વિનય છાભૈયાને ઘાટકોપર યુવા મંડળની કારોબારીનો પૂરો સાથ સહકાર રહેશે અને તેઓ જે પણ કાર્ય આપશે એ કાર્યો ઘાટકોપર યુવા મંડળ પૂરા કરશે તેવું આશ્વાસન આપ્યું.

પ્રમુખશ્રી મયુર સેંઘાણીએ ગયા વર્ષે કરેલા દરેક કાર્યક્રમોની યાદી હાજર સભ્યો સમક્ષ રજુ કરી જેમાં ૧) એજ્યુકેશનલ સેમીનાર ૨૦૨૫, ૨) ટર્ફ ટુર્નામેન્ટ ૨૦૨૫, ૩) મોન્સુન ટ્રેક ૨૦૨૫, ૪) કાર્નિવલ ૨૦૨૫, ૫) પરિવાર કપ ૨૦૨૫ જેવા અનેક સફળ કાર્યક્રમો કર્યા હતા, જેમાં ઘાટકોપર યુવા મંડળના સભ્યોએ દાતા લઈ આવા માટે ખૂબ મહેનત કરી છે, તેમજ ગયા વર્ષે ૪૫ નવા માનનીય દાતાઓની યાદી યુવા મંડળને મળી.

એવા આપડા સમાજના દરેક વ્યક્તિએ કાર્યક્રમમાં ભાગ લઈ ઉત્સાહ બતાવ્યો છે અને યુવા મંડળના સભ્યોની મહેનત થી હજુ સફળ કાર્યક્રમો લઈ આવાની પ્રેરણા મળે છે તે બદલ પ્રમુખશ્રી એ સૌનો આભાર માન્યો.

મીટિંગના અંતે સહમંત્રી દર્શનાબેન રામજીયાણીએ આવેલ સર્વે મહેમાનોનો આભાર માન્યો અને માં ઉમિયા અને લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવી વાર્ષિક સામાન્ય સભાને પૂર્ણ જાહેર કરી.

**લી. કચ્છી કડવા પાટીદાર સનાત યુવા મંડળ ઘાટકોપર**

**પ્રમુખ : મયુર સેંઘાણી - મહામંત્રી હેનાલી પારસીયા**

અહંકારની પાઘડી જો માથા પરથી ઉતરી જાય તો, મોટામાં મોટી સમસ્યા પા-ઘડીમાં ઉકલી જાય.

તંત્રી સ્થાને થી..... પાના નં. ૧થી ચાલુ...

જ્યારે મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે અતિવૃષ્ટિ કે પૂરની સ્થિતિ સર્જાય છે. નદીઓ કાંઠો છોડે છે અને નીચાણવાળા વિસ્તારો, ઝૂંપડપટ્ટીઓ તથા ગામડાઓ પાણીમાં ગરકાવ થઈ જાય છે. લોકોના ઘરવખરી અને પાક ધોવાઈ જાય છે, જેનાથી આર્થિક પાયમાલી સર્જાય છે. ચોમાસામાં ઠેર-ઠેર પાણી ભરાવાને કારણે મચ્છરો અને બેક્ટેરિયાનો ઉપદ્રવ વધે છે. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનકુનિયા અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો સમાજમાં ઝડપથી ફેલાય છે, જે જાહેર આરોગ્ય માટે મોટો પડકાર બને છે.

શહેરમાં 'સ્માર્ટ સિટી'ના દાવાઓ ધોવાઈ જાય છે. રસ્તાઓ પર ખાડા રાજ કરે છે, ટ્રાફિક જામ થાય છે અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે, ગ્રામીણ વિસ્તારોમાં સંપર્ક તૂટી જવાથી કટોકટીના સમયે હોસ્પિટલ પહોંચવું પણ મુશ્કેલ બને છે. વર્ષા ઋતુ એ કુદરતની અણમોલ ભેટ છે. તેનાથી થતા નુકસાન માટે કુદરત કરતાં આપણી વહીવટી નિષ્ફળતા અને પ્લાનિંગ વગરનું શહેરીકરણ વધુ જવાબદાર છે. જો આપણો સમાજ અને તંત્ર જળ સંચય યોગ્ય રીતે કરે, પ્રી-મોન્સૂન કામગીરી ચુસ્તપણે થાય અને ગટર વ્યવસ્થા સુધારે, તો ચોમાસાના ગેરલાભને નહિવત કરી શકાય છે.

આપણે મૂળભૂત રીતે ખેતી ઉપર નિર્ભત થતા હોઈએ છીએ અને તેમાં પણ કચ્છ જેવા અલ્પવૃષ્ટિ થતા પ્રદેશમાંથી આવતા હોવાથી પાણીનું શું મુલ્ય હોય એ આપણને જાણ છે અને એટલા જ માટે જ્યારે મેઘ આવે અને નદી નાળા ઉભરાઈ કે તળાવ ભરાઈ ત્યારે આપણા ગામે ગામ ઉજવણી કરતા હોઈએ છીએ અને મેઘલાડુ કરતા હોઈએ છીએ આમ છતાં પણ પાણી ના વેડફાટ ને થોડોક અટકાવવામાં આપણે કદાચ ઉણા છીએ એટલે આપણે વરસાદના પાણીને વધુમાં વધુ જમીનમાં ઉતારવા માટે પ્રયત્ન કરીએ એજ અભિલાષા સાથે.

**છગનભાઈ નાનજીભાઈ રામજીઆણી - તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી - સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી - સહતંત્રી**

## શ્રી ઘાટકોપર મહિલા મંડળ દ્વારા અધિક માસમાં વન ભોજન કાર્યક્રમનો અહેવાલ

અધિકમાસમાં ગોરમા પૂજન, વનભોજન તથા પાવ નદી સ્નાનનું અનોખું મહત્વ છે. સદીઓથી ચાલતી પ્રથાને જીવંત રાખવાના પ્રયાસરૂપે શ્રી ઘાટકોપર મહિલા મંડળ દ્વારા પહેલીવાર અધિક માસના પાવન અવસરે બહેનો માટે એક દિવસીય વનભોજનનું તથા નદીમાં પાવન સ્નાનનું ભવ્ય આયોજન રિવર વિલેજ બદલાપુર ખાતે કરવામાં આવ્યું હતું.


પ્રવાસ દરમિયાન બહેનોએ ભજન-કીર્તન, રમૂજી પ્રવૃત્તિઓ તેમજ વિવિધ મનોરંજક કાર્યક્રમોમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો. પ્રકૃતિના રમણીય વાતાવરણમાં સૌએ સાથે મળીને રિસોર્ટની બાજુમાં વહેતી સ્વચ્છ નદીમાં સ્નાન કરી ભક્તિ ભાવથી ગોરમાનું પૂજન કર્યું હતું ત્યારબાદ વનભોજનનો આનંદ માણ્યો. ભક્તિ અને સહિયારી યાત્રાને કારણે સમગ્ર દિવસ આનંદ, ઉમંગ અને ભક્તિભાવથી સભર બની રહયો. કાર્યક્રમમાં જોડાનાર સર્વે બહેનોને મંડળ તરફથી ભેટ સ્વરૂપે સુંદર દીવડી આપવામાં આવી હતી. ઉપસ્થિત તમામ બહેનોએ આ સુંદર અયોજન બદલ મહિલા મંડળનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો યોજાતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી. સૌના સહયોગ અને ઉત્સાહથી આ વનભોજન પ્રવાસ સફળ અને યાદગાર બની રહ્યો.

**પ્રમુખ : શ્રીમતી કુસુમબેન જય રામજીયાણી**
**મહામંત્રી : શ્રીમતી મનીષાબેન રાજેશ વેલાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - મુલુંડ


### કાનમાં ઈન્ફેક્શન (દવા વગર કુદરતી ઉપચાર)

- કાનમાં ઈન્ફેક્શન સામાન્ય રીતે કાનના અંદરના ભાગમાં બેક્ટેરિયા કે વાયરસથી થાય છે.
- આનું મુખ્ય કારણ શરદી અથવા સાઈનસ ઈન્ફેક્શન,કાનમાં પાણી ભરાવું ,એલર્જી,ધૂળ કે પ્રદૂષણ,કાનમાં વધુ મેલ જામવું હોય છે.
- જેમાં કાનમાં દુખાવો ખાસ કરીને રાત્રે વધારે, કાનમાં ભારેપણું કે દબાણ લાગવું,સાંભળવામાં ઘટાડો,કાનમાંથી પાણી કે પીળું પ્રવાહી નીકળવું , તાવ આ લક્ષણો છે.
- બાળકોમાં આ લક્ષણ વધારે જોવા મળે છે.




હાથ ના અંગુઠા માં કાન ના સંબંધિત પોઇન્ટસ ને શોધી આ પોઇન્ટસ ને સક્રિય કરો અને ઇન્ફેકશન હોય તો બ્લુ કલર કરી મગ લગાડો અને શરદી ને લીધે કાન માં દુખાવો હોય તો ગ્રીન કલર કરી મગ લગાડો.(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Tw10* ,Tw 11* )




**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ,
- અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા કાન ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)

હરિઓમતત્સત્

**નોંધ** - સુજોક પદ્ધતિ વિષે વિગતવાર સમજ આપતી એક બુક ઉપલબ્ધ છે, જેમાં મૂળભૂત તેમજ પ્રેક્ટિકલ પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે. આ બુકના અભ્યાસથી અનેક લોકોએ આરોગ્યલાભ અનુભવ્યો છે.આજે જ મેળવો અને સ્વસ્થ જીવન તરફ પગલું ભરો.

સંપર્ક : રીટા રૂડાણી -8779417199 શ્રુતિ સેંઘાણી - 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા રવિવાર, તા. ૦૭-૦૬-૨૦૨૬ના ઘાટકોપર વાડી, ડોંબીવલી વાડી તેમજ બોરીવલી વાડીમાં નોટબુકનું સફળતાપૂર્વક વિતરણ પાર પડેલ હતું.

**લી. ચેરમેન : કાંતિલાલ નારણ સેંઘાણી**
**મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશ હરજી માવાણી**







## પાટીદાર પ્રગતિ મુખપત્રમાં જાહેરાત આપવા બાબત

ભારત સરકારશ્રીના બદલાયેલ નિયમો મુજબ મુખપત્રકના પોસ્ટના ખર્ચમાં ધરખમ વધારો થયેલ છે. તો તે ખર્ચને પહોંચી વળવા મુખપત્રમાં જાહેરાત છાપવાનું નક્કી કરેલ છે. જેમાં ધંધાકીય તેમજ સ્વજનોના જન્મદિવસ, શ્રદ્ધાંજલી અને ખુશીના પ્રસંગોની જાહેરાત આપી શકાશે. જાહેરાત મુખપત્રકના અંદરના પાના પર છાપવામાં આવશે. જેના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| જાહેરાત | માસિક | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧/૪ પાનું | ૬,૦૦૦/- | ૧૭,૧૦૦/- | ૩૨,૪૦૦/- | ૪૮,૦૦૦/- |
| ૧/૨ પાનું | ૯,૦૦૦/- | ૨૫,૬૫૦/- | ૪૮,૬૦૦/- | ૯૬,૦૦૦/- |
| ફૂલ પાનું | ૧૭,૦૦૦/- | ૪૮,૪૫૦/- | ૯૧,૮૦૦/- | ૧,૮૦,૦૦૦/- |

Size: 1) 1/4 Page - 17 cm x 12 cm
2) 1/2 Page - 17 cm x 24 cm
3) Full Page - 34 cm x 24 cm

૧) જાહેરાતની પીડીએફ ફાઈલ મહિનાના અંતિમ દિવસ સુધી ૧૦૦% એડવાન્સ પેમેન્ટ આપીને ઘાટકોપર વાડીમાં પહોંચાડવાની રહેશે.
૨) જાહેરાત છાપવાનો અંતિમ નિર્ણય પ્રકાશન સમિતિનો રહેશે.
૩) ઉપરોક્ત દરમાં વ્યવસાયીક જાહેરાત અર્થે ૧૫% અને શ્રદ્ધાંજલી, જન્મ દિવસ, ખુશીના પ્રસંગો અર્થે ૨૦% ડીસકાઉન્ટ આપવામાં આવશે.
૪) વધુ માહિતી માટે નીચેના સંપર્ક સૂત્રનો સંપર્ક કરશો.

**શ્રી કાંતીભાઈ સેંઘાણી ૯૮૩૩૭૬૮૧૧૧**
**શ્રી પ્રકાશભાઈ માવાણી ૭૬૬૬૯૪૬૬૬૯**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૭-૮-૨૦૨૬ શુક્રવાર બપોરે ૨.૦૦ કલાકે પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે રાખવામાં આવેલ છે.

**એજન્ડા :-**

૧) ગત મિનિટ્સનું વાંચન ને બહાલી.
૨) વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૬ના હિસાબની રજૂઆત અને બહાલી.
૩) વર્ષ દરમિયાન થયેલ કાર્યક્રમનો અહેવાલ.
૪) સહયોગી મંડળના કાર્યક્રમોની ઝાંખી.
૫) ચર્ચા વિચારણા માટે ખુલ્લો મંચ.
૬) પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

**નોંધ : ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

ઉપરોકત સામાન્ય સભામાં સર્વે સનાતની મહિલાઓને હાર્દિક આમંત્રણ છે.

**તારીખ ૨-૧૦-૨૦૨૬ 'બાળસંસ્કાર કેન્દ્રના બાળકો દ્વારા કાર્યક્રમ'**

**તારીખ ૨૪-૧૦-૨૦૨૬ શનિવાર 'માસ્ટર શેફ કાર્યક્રમ**

વધુ વિગતો આગામી અંકમાં જાણ કરવામાં આવશે.

**લિ. પ્રમુખ : શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી**
**મહામંત્રી : શ્રીમતી પુનમબેન નરેન્દ્ર રામજીયાણી**

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ... પાના નં. ૧થી ચાલું...

હિસાબો અને વાર્ષિક અહેવાલની રજૂઆત અને બહાલી.
૩) પ્રમુખ સ્થાનેથી મંજૂરીથી રજૂ થાય તે.
૪) પ્રમુખશ્રીનું ઉદબોધન.
નોંધ : ૧) સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટીઓ ઉપરોક્ત કાર્યક્રમમાં ફેરફાર કરી શકે છે.
૨) મિટિંગ પછી મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

**લી. ચેરમેન : કાંતિલાલ નારણ સેંઘાણી**
**મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશ હરજી માવાણી**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)
આયોજીત
## સાઉન્ડસ ઓફ સિમ્ફની

શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ દ્વારા તારીખ ૨૭ જૂન ૨૦૨૬, શનિવાર ના રોજ સાઉન્સ ઓફ સીમ્ફની કાર્યક્રમનું આયોજન ફાઈન આર્ટ ઓડિટોરિયમ, ચેમ્બુર મધ્યે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત આપણી પરંપરા મુજબ શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)ના પ્રમુખ શ્રી રમણિકલાલ શામજી સેંઘાણી, I.P.P. શ્રી પ્રફુલ્લ નાકરાણી, ટ્રસ્ટ ફંડ મુંબઈના મે. ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી, મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જેન્તીભાઈ રામજીયાણી, ઘાટકોપર યુવા મંડળના પ્રમુખ શ્રી મયુર સેંઘાણી, ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન રામજીયાણી, મુંબઈ યુવા મંડળના પ્રમુખ શ્રી વિનય છાભૈયા, મુંબઈ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દીવાણી દ્વારા કુળદેવી ઉમિયા માતાજી તથા ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી. ત્યારબાદ સંગીતમય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્ય એન્કર શ્રી રચિત શાહ તેમજ તેમની ટીમ દ્વારા ભારતની વિવિધ ભાષાઓ, મનુષ્યના સંબંધો જેમકે માતા-પિતા, ભાઈ-બહેન વગેરે, આપણી માતૃભાષા ગુજરાતી તેમજ માદરે વતન કચ્છને આવરી લેતા ગીતો તેમજ ગરબા, પ્રભુની આરાધના, દેશ ની રક્ષા કરી રહ્યા સૈનિકો તેમજ દેશભક્તિને ઉજાગર કરતા વિવિધ ગીતો સર્વ સમક્ષ મૂકવામાં આવ્યા. આ કાર્યક્રમમાં યુવાનોથી લઈ અને આપણા વડીલો સર્વની રૂચિ જળવાઈ રહે તેવા ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને સર્વે એ તેમણે મન મૂકીને માણ્યા હતા. આ કાર્યક્રમમાં નીચે મુજબના દાતાશ્રીઓનો અમને ખૂબ જ સુંદર સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ હતો તેમના સહયોગને કારણેજ અમે ખુબજ રાહતના દરે આ કાર્યક્રમ જ્ઞાતિજનો સમક્ષ મૂકી શકયા.

૧. મેઈન સ્પોન્સર : ''અલગ ગ્રુપ'' શ્રી જીજ્ઞેશભાઈ ખીલાણી
૨. કૉ-સ્પોન્સર : શ્રીમતી કસ્તુરબેન વલ્લભદાસ ધોળુ પરિવાર, હસ્તે શ્રીમતી ખુશાલી વૃષભ પટેલ.
૩. સ્નેક્સ સ્પોન્સરઃ શ્રીમતી મીશા મનીષ ભાવાણી
૪. ટિકિટ સ્પોન્સર : ''બ્લોસમ'' હસ્તે શ્રી જીજ્ઞેશ બાબુલાલ ચૌહાણ
૫. સહયોગી દાતા : શ્રીમતી કમળાબેન રાજેશ ઉકાણી
૬. સહયોગી દાતા : શ્રી દિનેશ નારણ પારસીયા
૭. સહયોગી દાતા : શ્રી જીજ્ઞેશ બાબુલાલ ચૌહાણ

કાર્યક્રમમાં હાજર રહેલા ઘાટકોપરમાં વસતા સર્વે જ્ઞાતિજનો તેમજ ઉપરોકત સર્વે દાતાઓનો અમે હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

લી. શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

**પ્રમુખ : શ્રી રમણીકલાલ શામજી સેંઘાણી**
**મહામંત્રી : શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી**

જીંદગી ત્યારે સફળ ગણાય, જ્યારે તમારો પરિચય તમારે ન આપવો પડે.